

# ગરમ કપડાંના ભાવમાં ૨૦ ટકાનો વધારો

## શહેર માં ઠંડી શરૂ થતા તિબેટીયન બજારો શરૂ જેમાં અવનવી ગરમ કપડાંમાં વેરાયટીઓ આવી છે.







ગાંધીનગર, તા.૨

ઠંડીની શરૂઆત થઈ રહી છે. ત્યારે ગાંધીનગર માં તિબેટીયન માર્કેટ ધમધમવા લાગી છે.દરેક ઋતુની શરૂઆત થાય એની સાથે જ વાતાવરણને અનુકૂળ કપડાં બજારોમાં દેખાવા માંડે. એમાંય ઠૂંઠવાતી ઠંડી પડે એ પહેલાં ગરમ કપડાંનું બજાર દરેક શહેરમાં લાગી જ જાય છે.વાતાવરણમાં ફેરફાર થવાની સાથે શિયાળાની ઋતુનો પગરવ શરૂ થઈ ચુક્યો છે. વહેલી સવારની ગુલાબી ઠંડી શિયાળાના આગમનની છડી પોકારી રહી છે. આ જ સમય છે કે તમે પણ સજ્જ થઈ જાઓ તમારા વોરડ્રોબને વિન્ટર કલેક્શનથી સજાવવા માટે. કડકડતી ઠંડી શરૂ થાય અને તમારે ગયા વર્ષના જૂના જ ગરમ કપડા પહેરવા પડે તે પહેલા જાણી લો કે આ વર્ષે તમે ઠંડીથી બચવા ગરમ કપડા પહેરીને પણ કેવી રીતે આકર્ષણનું કેન્દ્ર બની શકો છો. આપણદ શહેર માં દર વર્ષની જેમ આ વર્ષે પણ તિબેટીયન ગરમ કપડાની માર્કેટ શરૂ થઈ ગઈ છે. જાન્યુઆરીના અંત સુધી ચાલનારી આ માર્કેટમાં બાળકો, સ્ત્રી, પુરૂષ તથા વૃધ્ધો દરેક માટે ગરમ કપડાના સ્ટોલ રાખવામા આવ્યા છે. આ માર્કેટમાં ૩૦ જેટલા સ્ટોલ લગાવવામા આવ્યા છે. સ્ટોલમાં વિવિધ વેરાયટીઓ જોવા મળે છે. ત્યારે ગાંધીનગર સહિતના આજુબાજુના ગામોમાંથી પણ લોકો અહી ગરમ કપડા લેવા માટે આવતા હોય છે.

ગતવર્ષની સરખામણીમાં ૨૦ ટકા જેટલો ગરમ કપડાના ભાવમાં વધારો થયો છે. બાળકોના સ્વેટર, જેકેટના ભાવની શરૂઆત ૬૦૦થી ૧૦૦૦ રૂપિયા, જ્યારે યુવાનો માટે જેકેટના ભાવની કિંમત ૮૦૦થી ૩૦૦૦ રૂપિયા છે લેધર જેકેટ એવરગ્રીન ફેશન છે. લેધર જેકેટ તમે જીન્સ, સ્કર્ટ સાથે પહેરી શકો છો. આ સીઝનમાં લેધરનો ક્રેઝ વધારે જોવા મળશે તેથી તમે પગથી માથા સુધી લેધરની વસ્તુઓ અહીંયાથી જ ખરીદી શકો છો.ગાંધીનગર માં દર વર્ષે તિબેટીયન લોકો ખાસ કરીને ગરમ કપડાં બનાવવા અને વેચવા માટે જાણીતા છે. તેમની વસ્તુઓ ટકાઉ પણ હોય છે. નવી ફેશન અનુરૂપ આજે તિબેટના લોકોએ પણ ફેશનેબલ ગરમ કપડાં બનાવવાનું શરૂ કર્યું છે જેના કારણે તમે અહીંથી કપડા ખરીદી શકો છો. તિબેટીયન માર્કેટમાં ૧૦૦ રૂપિયાથી દરેક વસ્તુઓ શરૂ થાય છે. જેમાં તમે ટોપી, મોજા, મફલર, જેકેટ, સ્વેટર, નાના બાળકોના કપડાં તમારા ખિસ્સાને પરવડે તે ભાવે મળે છે. અહીં શોલ, ગરમ ધાબળા નવી ફેશનેબલ વેરાયટીઓ પણ મળે છે.

# શહેરીજનોની મોરબી પુલ દુર્ઘટનાના દિવંગતોને ભગ્ન હૃદયે શ્રદ્ધાંજલી

## શહેરમાં અનેક સ્થળોએ દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના કાર્યક્રમો યોજાયાં : કેટલીક સોસાયટીઓમાં પણ વસાહતીઓએ કેન્ડલ લાઇટ સાથે મૌન પાળ્યું

ગાંધીનગર, તા.૦૨

તાજેતરમાં મોરબીમાં મચ્છુ નદી પર કેબલ બ્રિજ તુટવાથી સર્જાયેલી કરુણાંતિકાએ સમગ્ર ગુજરાતને હચમચાવી મુક્યુ છે. આ દુર્ઘટનામાં ૧૩૦થી વધુ નાગરિકોએ અકાળે જીવ ગુમાવ્યાં છે. ગુજરાત સરકાર આજે એક દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો હતો જે અંતર્ગત રાજ્યભરમાં મોરબીના દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના કાર્યક્રમો યોજાયાં હતા. ગાંધીનગરમાં પણ મહાનગરપાલિકાથી માંડીને વિવિધ સરકારી વિભાગો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ કાર્યક્રમો યોજીને મૌન પાળવા સાથે કેન્ડલ લાઇટ થકી મોરબીના દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

### સાંઇબાબા મંદિર, સેક્ટર-૩, વોર્ડ નં.૯




મોરબી દુર્ઘટનાને પગલે ગાંધીનગર શહેરના નાગરિકો પર અત્યંત આઘાતની લાગણી અનુભવી રહ્યાં છે. શહેરના વોર્ડ નંબર-૯માં સાંજે ૭ કલાકે સાંઇબાબા મંદિર ખાતે ગઈકાલે વસાહતીઓ દ્વારા મોરબીની પુલ દુર્ઘટનાના મૃતાત્માઓ માટે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિવંગતોને શ્રધ્ધાંજલી સાથે તેમના પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ મળે તે માટે અને ઈજાગ્રસ્તો જલદીથી સાજા થઈ જાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

### સિસિકા, જુસિકા અને સહયોગ મંડળ



ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ સિનિયર સિટિઝન કાઉન્સિલ અને જુનિયર સિટિઝન કાઉન્સિલ તેમજ સહયોગ મંડળ દ્વારા પણ મોરબીની કરૂણાંતિકા પ્રત્યે આઘાતની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. આ સંસ્થાઓ દ્વારા આજે સિવિલ હોસ્પિટલ કેમ્પ્સ ખાતે મૌન પાળીને દિવંગતોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી જેમાં ત્રણેય સંસ્થાના સેવાભાવી વડીલ સ્વયંસેવકો જોડાયાં હતા.

### ગાંધીનગર જિલ્લા અદાલત



મોરબીની ગોઝારી ઘટનાના ઘેરા પ્રત્યાઘાત ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટ ખાતે પણ જોવા મળ્યાં હતા. ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટમાં ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા યોજવામાં આવેલાં શ્રદ્ધાંજલી કાર્યક્રમમાં એસોસિએશનના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં વકીલોએ ઉપસ્થિત રહી મોરબી પુલ હોનારતના દિવંગતોને શ્રદ્ધાંજલી પાઠવી હતી.

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલ



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સવારે ૧૧ કલાકે ઓપીડી બિલ્ડિંગના ચોથા માળે મોરબીના દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જીએમઈઆરએસના ડેપ્યુટી સીઈઓ ડો.બિપિન નાયક, મેડિકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતી લાખાણી, આરએમઓ ડો.સુધા શર્મા સહિત તબીબો, નર્સિંગ, પેરામેડિકલ અને વહિવટી સ્ટાફ જોડાયો હતો.

# મોરબી દુર્ઘટનાના દિવંગત આત્માઓને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં શ્રદ્ધાંજલિ

## રાજ્યવ્યાપી શોકના પગલે ટાગોર હોલ ખાતે પ્રાર્થના સભા



મોરબી દુર્ઘટનાના દિવંગત આત્માઓને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના ટાગોર હૉલ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.


અમદાવાદ મ્યુનિ. કોર્પો દ્વારા આયોજિત આ પ્રાર્થનાસભામાં રામધૂન અને ભજનોની પ્રસ્તુતિ સાથે દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ટાગોર હૉલમાં ભાવભીનો માહોલ છવાઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મોરબી દુર્ઘટનાના દિવંગતોના શોકમાં આજરોજ ૨ નવેમ્બરે ગુજરાતમાં રાજ્યવ્યાપી શોક પાળવામાં આવ્યો છે. અમદાવાદના ટાગોર હૉલ ખાતેના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર, અમદાવાદ શહેર મેયર કિરીટભાઈ પરમાર, સ્થાનિક સાંસદ અને ધારાસભ્યો, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર, કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલિ સભાના અંતે બે મિનિટ મૌન પાળી દિવંગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# સેવાના સ્થાપક, પદ્મભૂષણ ઈલાબહેન ભટ્ટનું અવસાન

## સેવાનું લગભગ બે દાયકા સુધી તેનું મહાસચિવ તરીકે સંચાલન કરનારાં ઈલાબહેનને મેગસેસે એવોર્ડ પણ મળ્યો હતો

અમદાવાદ, તા.૨

સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન્સ એસોસીએશન (સેવા)ના સ્થાપક અને સાબરમતી આશ્રમ ટ્રસ્ટના અધ્યક્ષા ઈલાબેન ભટ્ટનું અમદાવાદ ખાતે આજે અવસાન થયું છે. ઈલાબેન ૯૦ વર્ષના હતા. એક મહિના અગાઉ જ નાદુરસ્ત તબિયતના કારણે ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે તેમણે રાજીનામું આપ્યું હતું. તેમણે આ પદ લગભગ આઠ વર્ષ સુધી સંભાળ્યું હતું. ૭ સપ્ટેમ્બર ૧૯૩૩માં જન્મેલા ઈલાબેન કાયદાવિદનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સહકાર ક્ષેત્રે, ગાંધીયન ફિલોસોફી અને સ્ત્રી સશક્તિકરણ ક્ષેત્રે દેશ અને દુનિયામાં અગ્રણી હસ્તીઓની હરોળમાં આવતા હતા. તેમને ભારત સરકારે પદ્મ ભૂષણથી નવાજ્યા હતા. સેવાના સ્થાપક અને લગભગ બે દાયકા સુધી તેનું મહાસચિવ તરીકે સંચાલન કરનાર



ઈલાબેનને મેગસેસે એવોર્ડ પણ મળ્યા હતા. વકીલ પિતા અને મહિલા કોંગ્રેસ અગ્રણીના પુત્રી એવા ઈલાબેનનું બચપણ સુરતમાં વીત્યું હતું ત્યાં તેમણે અંગ્રેજી ભાષામાં બેચલર ઓફ આર્ટસ કર્યા પછી અમદાવાદ ખાતે ગોલ્ડ મેડલ સાથે એલએલબી પૂર્ણ કર્યું હતું. વર્ષ ૨૦૦૭માં દક્ષિણ આફ્રિકાના ગાંધી એવા નેલ્સન મંડેલાએ ધ એલડર્સ નામના જૂથની રચના કરી હતી અને તેમણે દેશ અને દુનિયાની વિવિધ હસ્તીઓને તેમના જ્ઞાન, ડહાપણ અને તેમના અનુભવ માટે આ જૂથમાં સામેલ કર્યા હતા જેમાં ઈલાબેનનો પણ સમાવેશ થતો હતો. વર્ષ ૧૯૭૨માં તેમણે ટેક્સટાઈલ્સ મજૂરોની મહિલાઓ માટે સ્થાપેલી સેવા સંસ્થા આજે એક વટવૃક્ષ છે. સેલ્ફ હેલ્પ ગ્રુપ એટલે પોતે જ ભણે, પોતે જ ચીજો બનાવે અને પોતે જ તેની કમાણી કરે તેનું વિશ્વના સૌથી શ્રેષ્ઠ ઉદારણમાંથી એક સેવા બની ગયું છે. લગભગ હજાર જેટલી મહિલાઓથી બનેલું આ જૂથ આજે ૨૦ લાખ જેટલા સભ્યો ધરાવે છે. એટલું જ નહી પોતાના સભ્યો માટે એક બેંક પણ ધરાવે છે. સેવા બેંકની સફળતાથી પ્રેરાઈને ભારત સરકારે ૨૦૧૨માં માત્ર મહિલાઓ માટે જ અલગ રાષ્ટ્રીય બેંક સ્થાપી હતી.

### ચ-૩ પાસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીની લાઈનમાં લીકેજ હોવાના લીધે હજારો લીટર પાણીનો વેડફાટ થઈ ગયો છે. આજે સવારે આ ઠેકાણે લાઈનમાં લીકેજ સર્જાતા આસપાસના વિસ્તારમાં પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. એકબાજુ પાણીનો વેડફાટ અટકાવવા માટે જનજાગૃતિ કેળવાય તેવી વાતો થાય છે. ત્યારે શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન પાણીનો બેફામ બગાડ થાય છે. ચ- ૩ સર્કલ પાસે પાણીની લાઈનમાં લીકેજ થવાનુ હજુ સુધી કોઈ કારણ જાણવા મળ્યુ નથી ત્યારે પાટનગર યોજના વિભાગની ટીમે પણ આજે સ્થળ પર પહોંચી સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ જયારે સવારે લાઈનનુ લીકેજ કે સમસ્યા નિવારવા માટે કામગીરી હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### માર્ગ અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈશર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. માર્ગ પર ચાલકે કાબુ ગુમાવતા કાર ડીવાઈડર સાથે ટકરાઈને આઈશર સાથે ટકરાઈ હોવાનું જાણવા મળ્યું છે. જગન્નાથપુરી થી સો થી દોઢસો કિલોમીટર અંતર કાપ્યા બાદ અકસ્માત થયો હોવાની વિગત મળી રહી છે. જયારે અકસ્માતમાં ગાડીનો આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો છે. ત્યારે આ માર્ગ અક્સમાતમાં પેથાપુરના ઓડીશા ગયેલા ત્રણ સ્વજનોનું દુખદ અવસાન થયું છે. આ માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજાને પગલે કિરણભાઈ મહેતા, રસિકભાઈ મિસ્ત્રી અને જયેશ પરમાર ઉર્ફે જે.પી.વાયર મેનનું અવસાન થયું છે. જયારે પેથાપુર ખાતે રહેતા મૃતકોના પરિવારને અકસ્માતની જાણ થતા પરિવારો પર આભ તુટી પડ્યું છે. જયારે બનાવની જાણ થતા પેથાપુરના નાગરીકોમાં પણ શોકનો માહોલ સર્જાયો છે. જયારે બનાવને પગલે પેથાપુરથી તાત્કાલીક પાંચ સભ્યો હવાઈ માર્ગે ઓડીશો પહોંચી ગયા છે અને ગુરુવાર બપોર સુધીમાં પેથાપુર ખાતે મૃતદેહ લઈને પરત આવે તેવી શકયતા છે.

### આવકના નામે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૨ જેટલા આવાસ જુદા જુદા સેક્ટરમાં ફાળવવામાં આવેલા છે. પરંતુ બીએસએનએલ દ્વારા લાંબા સમયથી તેનું ભાડું ભરપાઇ કરવામાં આવતું નથી. હાલની સ્થિતિમાં પણ આ પૈકીના ૧૦ આવાસ વપરાશમાં હોવાનું જાણવા મળ્યું છે. રેન્ટ બ્રાન્ચના કર્મચારીઓ બીએસએનએલને નોટિસ આપીને થાકી ગયા છે. આવાસ ખાલી કરાવવા માટેની પણ કોઈ કારી ફાવી નથી. દિલ્હી સુધી પણ પત્ર વ્યવહાર થઈ ચૂક્યો છે, સેટલમેન્ટના કોઈ પ્રયાસો પણ સફળ રહ્યા નથી અને તમામ કાર્યવાહીના કાગળો પુરાવાથી વિશેષ કોઈ પરિણામ આપી શક્યા નથી. આવાસ માં વસવાટ બદલ કોઈ ભાડું ચુકવાતું નથી જયારે વર્ષોના અંતે હવે જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સંભાવના છે.

### ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગે ચિંતાની વાત કહી. સાઉદી અધિકારીઓએ કહ્યું કે સાઉદી અરેબિયા સિવાય ઈરાન પણ ઈરાકના ઈર્બિલ પર હુમલો કરવા માંગે છે જ્યાં અમેરિકી સૈનિકો છે. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, આ આયોજનબદ્ધ હુમલાઓનો ઈરાદો ઈરાનમાં ઈસ્લામિક રાષ્ટ્રના નેતૃત્વ વિરુદ્ધ થઈ રહેલા વિરોધ પ્રદર્શન પરથી ધ્યાન હટાવવાનો છે. મીડિયા અહેવાલો અનુસાર, ગુપ્ત માહિતી શેરિંગની પુષ્ટિ કરનારા એક અધિકારીએ કહ્યું કે હુમલો "૪૮ કલાકની અંદર" થઈ શકે છે.

### અચાનક છોડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરીય સીમા રેખા (એનએલએલ)ની નજીક સમુદ્રમાં પડી. વળી, એક અન્ય મિસાઈલ સાઉથ કોરિયાના શહેર સોક્ચોથી ૫૭ કિલોમીટર પૂર્વમાં સમુદ્રમાં પડી. ત્રીજી મિસાઈલ સુમદ્રમાં પડતા પહેલા ઉલેલુંગ દ્વીપ તરફથી વધી જેના કારણે વિસ્તારમાં એર રેડ સાયરન વાગવા લાગ્યા. નોર્થ કોરિયાના આ તાજા મિસાઈલની આ કાર્યવાનીને સોમવારથી શરૂ થઈ સાઉથ કોરિયા અને અમેરિકાના ૫ દિવસીય સંયુક્ત એર અભ્યાસ સાથે જોડીને જોવામાં આવી રહી છે.